કોંકણ રેલ્વે પર ભૂસ્ખલનને કારણે અમદાવાદથી પસાર થતી કેટલીક ટ્રેનો પ્રભાવિત

અમદાવાદ, કોંકણ રેલ્વેના રોહા-રત્નાગિરી સેક્શન વચ્ચે ભારે વરસાદને કારણે પાણી ભરાઈ જવાથી અને ભૂસ્ખલનને કારણે અમદાવાદથી પસાર થતી કેલીક ટ્રેનો પ્રભાવિત રહેશે. આ ટ્રેનોની વિગત નીચે મુજબ છે: -

રદ કરવામાં આવેલ ટ્રેનો:-

૧. તારીખ ૨૩ જુલાઈ, ૨૦૨૧ ના રોજ માડગાંવથી ચાલનારી ટ્રેન નંબર ૦૨૮૦૭ મડગાંવ-હાપા સ્પેશિયલ પેરિંગ રેકની ઉપલબ્ધતા ન હોવો કારણે રદ રહેશે.

૨. તારીખ ૨૪ જુલાઇ, ૨૦૨૧ ના રોજ ઓખાથી ચાલનારી ટ્રેન નંબર ૦૬૩૩૭ ઓખા-એર્નાકુલમ સ્પેશિયલ પેરિંગ રેકની ઉપલબ્ધતા ન હોવાને કારણે રદ રહેશે.

રેગુલેટ ટ્રેનઃ-

તારીખ ૨૩ જુલાઈ, ૨૦૨૧ ના રોજ ગાંધીધામથી ચાલનારી ટ્રેન નંબર ૦૬૩૩૫ ગાંધીધામ-નાગરકોઇલ સ્પેશિયલ પશ્ચિમ રેલ્વે પર ૫ કલાક માટે રેગુલેટ રહેશે.

ડાયવર્ટ ટ્રેનો:-

૧. તારીખ ૨૨ જુલાઈ, ૨૦૨૧ ના રોજ તિરુનેલવેલીથી ચાલનારી ટ્રેન નંબર ૦૯૪૨૩ તિરુનેલવલી-ગાંધીધામ સાપ્તાહિક સ્પેશિયલ વાયા શોરાનુર, ઈરોડ, જોલરપેઠ્ઠઈ, કૃષ્ણરાજપુરમ, હુબલી, મિરજ, કર્જત અને પુણે થઈને ચાલશે.

૨. તારીખ ૨૨ જુલાઈ, ૨૦૨૧ ના રોજ વેરાવળથી ચાલનારી ટ્રેન નંબર ૦૬૩૩૩ વેરાવળ-તિરુવંતપુરસ્પેશિયલ વાયા પનવેલ, કર્જત, લોનાવાલા, પુના અને મિરજ થઈને ચાલશે.

૩. તારીખ ૨૨ જુલાઈ, ૨૦૨૧ ના રોજ કોચુવેલીથી ચાલનારી ટ્રેન નંબર ૦૬૨૫૯ કોચુવેલી- ભાવનગર સ્પેશિયલ વાયા ઈરોડ, રેનીગુંટા, ગુડુર, વિજયવાડા, બલલારશાહ, વર્ધા, ભુસાવલ, ઉધના અને સુરત થઈને ચાલશે.

૪. તારીખ ૨૨ જુલાઈ, ૨૦૨૧ ના રોજ પોરબંદરથી ચાલનારી ટ્રેન નંબર ૦૬૨૨૨ પોરબંદર-કોચુવેલી સ્પેશિયલ વાયા પનવેલ, કર્જત, લોનાવાલા, પુણે, દૌડ, વર્ધા, ધર્મવરમ, કષ્ણરાજપુરમ અને ઈરોડ થઈને ચાલશે.

આશુતોષ રાણા દુષ્ટ ઔરંગઝેબના પુનઃસર્જન વિશે કહે છે

અમદાવાદ, નાટકોનો સમયગાળો વિવિધ યુગો અને આપણા ઈતિહાસની સમદ્ધ સ્ટોરીઓને પુનઃસજીવન કરવાનો યોગ્ય માર્ગ છે. જીવનના સેટ્સ કરતા મોટા, ખર્ચાળ કોસ્ચ્યુમ્સ અને આકર્ષક વઝ્યુઅલ્સ વૃત્તાંતો અન તેના પાત્રોને જીવંત બનાવે છે, પરંતુ તે દરેક ગાથામાં એક સર્વસામાન્ય તાર એ છે કે આપણે જ્યારે હીરોના મૂળને શોધવાનો પ્રયત્ન કરીએ છીએ ત્યારે દરેકની આંખો શત્રુ પર હોય છે. અને જ્યારેતમે વિલન વિશે વિચાર ત્યારે આશુતોષ રાણા સિવાય વધુ સારો કોણ હોઇ શકે? તેમણે ભારતીય સિનેમાને અત્યંત આઈકોનિક શત્રુઓ આપ્યા છે, ચાહે તે સંઘર્ષમાં ટ્રાનસ વુમનની ભૂમિકા હોય, દશમાનંદમાં સિરીયલ કીલરની ભૂમિકા કેન હોય, અભિનેતા ઓરંગઝેબ તરીકે તમારા કરોડમાં ક્રુજરી ઉત્પન્ન કરશે, જે અનેક ભારતીય ઈતિહાસમાં અત્યંક ભયાનક અને શક્તિશાળી સમ્રાટ હતો. આ વિશે વાત કરતા આશુતોષ રાણા કહે છે કે, "હું હંમેશા માનતો આવ્યો છું કે મહાન વાર્તામાં હિમતવાન હીરો હોવો જોઈએ પરંતુ જો તે જિંદગીના પ્રતિસ્પર્ધીનો સામનો કરતો હોય તેના વિજયને ઉજવવો જોઈએ.છત્રસાલે જે હરીફોનો સામનો કર્યો હતો અને બુંદેલખંડની સ્વતંત્રતા માટે તેણે જે લડાઇ કરીહતી તેના કરી હતી તેમાં ઉદાર જીતને હજુ પણ ઉજવવામાં આવે છે. એતિહાસિક નાટકો ભૂતકાળની યાત્રાઓ છે તેથી તેઓ હંમેશા વધુ પ્રયત્ન કરે છે. મે હંમશા જે તે સમયગાળાના મંત્રમુગ્ધ કરતા નાટકો અને બાયોપિક્સ જોયા છે, મારા માટે જોવાલાયક અનેક શૈલીઓમાંની એક છે, તેથી આલમગીર ઔરંગઝેબનુંપાત્ર જજવવું એક એક મોટી પ્રક્રિયા છે." (૧૯-૮)

પાલનપુર માર્કેટયાર્ડ ચૂંટણીઃ બોગસ મતદારો ઉભા કર્યાનો આક્ષેપ

પાલનપુર,

બનાસકાંઠા જિલ્લાના મુખ્યમથક પાલનપુર માર્કેટયાર્ડની ચૂંટણીમાં મતદારોની પ્રથમ યાદી જાહેર થતા જ વિવાદ સર્જાયો છે. બોગસ લાઈસન્સ બનાવી મતદારો ઊભા કર્યાના આક્ષેપ સાથે વેપારીઓમાં રોષ ભભુક્યો છે જે હવે ચરમસીમાએ પહોંચ્યો છે અને વેપારીઓએ બોગસ લાયસન્સ રદ નહીં થાય અને મતદાર યાદીમાં સુધારો નહીં થાય ત્યાં સુધી ખરીદ વેચાણ બંધ કરી હડતાલ પર ઉતરી જતા માર્કેટ યાર્ડમાં માલની આવક જાવક ઠપ્પ થઈ છે.

બનાસકાંઠા જિલ્લાના મુખ્યમથક પાલનપુરમાં આવેલી માર્કેટયાર્ડમાં નિયામક મંડળની ચૂંટણી આગામી ૧૮ સપ્ટેમ્બરે યોજાનાર છે. જેમાં પ્રથમ મતદાર યાદી જાહેર થતાં જ માર્કેટ યાર્ડમાં ચૂંટણી મામલે વિવાદ ઊભો થયો છે. વેપારીઓ દ્વારા આક્ષેપ કરાઈ રહ્યા છે કે એપીએમસીમાં વર્તમાન સત્તાધીશો પોતાની સત્તા ટકાવી રાખવા પોતાના મળતિયાઓને નામે ચૂંટણીલક્ષી લાયસન્સ આપી મતદારયાદીમાં ૧૮૦ જેટલાં નામ સમાવિષ્ટ કરાવ્યાં છે જે નામ રદ કરી મતદાર યાદી નહીં સુધરે ત્યાં સુધી વેપારીઓએ હડતાળનો માર્ગ અપનાવતા માર્કેટ યાર્ડમાં માલની આવક જાવક ઠપ્પ થઈ છે. જેને લઈ માલ લઈ આવતા ખેડુતો અને માર્કેટ યાર્ડમાં કામ કરતા શ્રમિકોને અટવાવાનો વારો આવ્યો છે.મહત્વની વાત છે કે મતદાર યાદીમાં ચૂંટણી લક્ષી લાયસન્સ આપી મળતિયાઓના નામ ઉમેરાયા હોવાની રજુઆત વેપારીઓ દ્વારા એપીએમસીના સત્તાધીશોને કરવામાં આવી પરંતુ સત્તાધીશો દ્વારા તેમની ફરિયાદ ન સાંભળતા છેવટે વેપારીઓએ તાળતોડ બેઠક બોલાવી હડતાલ પર ઉતરી જવાનો નિર્ણય કર્યો. જોકે વેપારીઓએ હડતાળ પર ઊતરવા મામલે અગાઉ માર્કેટયાર્ડનું ધ્યાન દોર્યું હોવા છતાં માર્કેટયાર્ડ દ્વારા ખેડુતોને જ્ઞાન ન કરાતા ખેડુતો પોતાનો માલ લઈ માર્કેટ યાર્ડમાં વેચવા પહોંચ્યા, પરંતુ માર્કેટ યાર્ડમાં હડતાલને પગલે બંધ પેઢીઓને લઈ ખેડુતોને વાહનોનું ભાડું ભોગવવાનો વારો આવ્યો છે. જેને લઈ વેપારીઓની સાથે સાથે ખેડૂતોમાં પણ રોષ ભભુક્યો છે તો બીજી તરફ માર્કેટ યાર્ડમાં કામ કરતા શ્રમિકોની રોજીરોટી પણ છીનવાઇ છે જેને લઈ શ્રમિકો પણ રોષે ભરાયા છે અને વહેલી તકે માર્કેટયાર્ડ શરૂ થાય તેવી માંગ કરી રહ્યા છે.

પાલનપુર યાર્ડમાં લાયસન્સ મુદ્દે વેપારીઓની હડતાળ

પાલનપુર, પાલનપુર ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિની સપ્ટેમ્બર માસમાં ચૂંટણી યોજવાની હોઈ સત્તાધિશો દ્વારા ખોટાં લાયસન્સ મંજુર કરાયાં હોવાના આક્ષેપ સાથે વપારીઓએ વિરોધ નોંધાવી જિલ્લા રજિસ્ટ્રાર સમક્ષ લેખિત અરજી કરી ગુરુવારથી સમગ્ર માર્કેટયાર્ડના વેપારીઓ અચોકક્કસ મુદત માટે હરાજીથી અળગા રહી હડતાળ પાડતાં આ વિવાદ વચ્ચે ખેડૂતો અને મજુરો મુશ્કેલીમાં મુકાયાછે.

પાલનપુર ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના સત્તામંડળની આગામી તારીખ ૧૮ સપ્ટેમ્બરના રોજ ચૂંટણી યોજાનાર છે. જેથી સત્તામંડળ દ્વારા વેપારીઓની પ્રથમ મતદાર યાદી પ્રસિધ્ધ કરવામાં આવી છે. જેમાં કેટલાક વેપારઓને સત્તા મંડળ દ્વારા ખોટા લાયસન્સ આપી મતદાર યાદીમાં નામ ઘુસાડવાં હોવાના આક્ષેપ કરી બે વેપારીઓએ વિરોધ નોંધાવી જિલ્લા રજિસ્ટ્રાર સમક્ષ ફરિયાદ કરી છે. માર્કેટયાર્ડના વેપારી મંડળ દ્વારા ખોટાં લાયસન્સ રકરવાની માંગ સાથે ગુરૂવારે અચોકક્સ મુદતની હડતાલ પર ઉતરી અને જ્યાં સુધી ખોટા લાયસન્સ રદ નહી કરાય ત્યાં સુધી હડતાલ ચાલુ રાખવાની ચિમકી આપવામાં આવતા તંત્ર દોડતુ થઈ ગયુ છે. જેથી માર્કેટયાર્ડના ચેરમેન સતિના સત્તામંડળ દ્વારા વેપારીઓ સાથે બેઠક કરી પ્રશ્નનો ઉકેલ લાવવાની કવાયત હાથ ધરી છે.

અત્યારે ખેડૂતે લીધેલો પાક ભરાવવાની સિઝન હોવાથી દિવસનું એક કરોડ જેટલુ ટર્ન ઓવર છે. જેથી વહેલી સવારથી વેપારીઓએ ખોટાયાસન્સના મુદ્દે હડતાલ પાડતાં ભાડુ ખર્ચ કરી માલ ભરાવવા આવેલા ખેડૂતોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. તેમજ કોરોના કાળ પછી મજુરોને ધીમે-ધીમે ધંધા રોજગાર કાર્યરત થયા હતા. જે હડતાલના કારણે અત્યારેખેડૂતો અને મજુરો મુશ્કેલીમાં મુકાયા છે.

ગોંડલ એસટી ડેપોમાં બસનું ટાયર વૃદ્ધા ઉપર ફરી વળતા ઘટનાસ્થળે જ મોત

ગોંડલ,

ગોંડલના એસટી ડેપોમાં બસનું તોતિંગ વ્હિલ અજાણ્યા વૃદ્ધા ઉપર ફરી વળતા ઘટનાસ્થળે જ તેનું કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. ગોંડલ એસટી ડેપોના ગેઈટમાંથી બહાર નીકળી રહેલી કમરકોટડા-ગોંડલ-રાજકોટ રૂટની લોકલ બસ જીજે-૧૮ ઝેડ-૩૯૩૦ સાથે ડ્રાયવર મહેન્દ્રસિંહ પરમાર પસાર થઈ રહ્યા હતા. ત્યારે એક આશરે ૭૦ વર્ષના વૃદ્ધાને અડકેરે ચડી જતા મહિલાના માથા ઉપર બસનું વ્હિલ ફરી વળતા તેનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું.

બનાવને પગલે શહેર પોલીસે ઘટનાસ્થળે દોડી આવી અજાણ્યા વૃદ્ધાની ઓળખ મેળવવા તપાસ હાથ ધરી છે. મહિલાના મૃતદેહને ગોંડલ સરકારી હોસ્પિટલમાં પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો. ઘટનાને પગલે લોકોના ટોળા એકત્ર થઈ ગયા હતા. વૃદ્ધાના મોતથી લોકોમાં રોષ જોવા મળ્યો હતો. જોકે પોલીસ આવતા જ લોકોનું ટોળું વીખેરાયું હતું.બે મહિના પહેલા ધોરાજી ખાતે રહેતા મુસ્લિમ પરીવારનાં ઘરે લગ્ન પ્રસંગ હોય અને જૂનાગઢ જિલ્લાના વંથલી ગામના મુસ્લિમ યુવાનો મુસ્તાકમીયા ઈબ્રાહીમમીયા સઈદ, હેજલભાઈ બસીરભાઈ રંગોનીયા અને સોહીલ મહમદ હનીફ મયરી સૈઈદ ધોરાજી લગ્ન પ્રસંગમાં આવ્યા હતા. લગ્ન પતાવી રાત્રે ૧૧-૩૦ કલાકે ધોરાજીના જૂનાગઢ રોડ પર લવલી વે બ્રીજ પાસે બે બાઈકને અજાણ્યા ટ્રક ચાલકે હડફેટે લેતા ત્રણેય યુવાનોના ઘટનાસ્થળે મોત થયા હતા. આ ઉપરાંત અન્ય બાઈક સવાર મહમદશા અબ્દુલ રજાકશા પોતાનું બાઈક લઈને નોકરીના કામે કારખાને જતા હતા. તેને પણ ટ્રક ચાલકે અડફેટે લેતાં ગુમભાગે ગંભીર ઈજાઓ થઈ હતી.

મહેસાણાની 'હોટલોમાં જુગારધામ ઝડપાયું

મહેસાણા, મહેસાણામાં નાગલપુર સહિતના હાઈવે પર આવેલ ગેસ્ટહાઉસ તેમજ હોટલો તરફથી સરકારી પારાયોરણ તેમજ નિયમોનું સરેઆમ ઉલ્લઘન કરવામાં આવી રહ્યું છે. છતાં પોલીસ સતિ સંબંધીત સરકારી વિભાગોની ઉદાસીનતાથી ગેસ્ટહાઉસોમાં સુરક્ષા તેમજ સુવિધામાં છેંડા જોવા મળી રહ્યા છે. કેટલાક સમય અગાઉ ગૃહ વિભાગના પરિપત્રના કારણે સરકારી અધિકારીઓના હાથ તપાસ માટે ટુંકા પડતાં ગેસ્ટહાઉસસંચાલકોને નિયમોનો ભંગ કરવા છુટ્ટો દોર મળ્યો હોય તેમ લાગી રહ્યું છે. તાજેતરમાં મહેસાણાના નુગર હાઈવે પર આવેલ એક હોટલમાંથી પોલીસે દરોડો પાડી જુગારધામ ઝડપી પાડ્યું હતું.

મહેસાણા હાઈવે પર છેલ્લા ઘણા સમયથબિલાડીના ટોપની જેમ ગેસ્ટહાઉસ તેમજ હોટલો ફુટી નિકળ્યા છે. ઉપરોક્ત પૈકી મોટાભાગની હોટલ તેમજ ગેસ્ટહાઉસના મકાનોમાં નોન-એગ્રીકલ્ચર મંજુરીની શરતોનું ભંગ થયેલ હોવા છતાં સરકારી તંત્રના આશિર્વાદ તળે બિન્દાસચલાવવામાં આવી રહી છે. શહેરના નાગલપુર વિસ્તારના હાઈવે પર આવેલ ગેસ્ટહાઉસ તેમજ હોટલોના માલિકોએ ભાડા કરાર કરી અન્ય એજન્સી કે સંચાલકોને આપી દીધી છે. હોટલ કે ગેસ્ટહાઉસ ધરાવતી ભિલ્ડીંગમાં વિવિધ સરકારી વિભાગના નાવાંધા પ્રમાણપત્ર પણ ન હોવા છતાં ધમધોકાર ચાલી રહી છે. આ મામલે અગાઉ કલેકટર કક્ષાએથી કાર્યવાહી કરવા આદેશ પણ કરાયા હતા.

કેટલીક હોટલ તેમજ ગેસ્ટહાઉસ તરફથી ગૃહવિભાગે નિયત કરાયેલ સીસી ટીવી કેમેરા, ઓનલાન સારથી સોફ્ટવેરમાં પ્રવાસીઓના પુરવા સાથેનું રજીસ્ટ્રેશન, અગ્નીશામક સુવિધા, સફાઈ તેમજ પાર્કિંગ સહિતના નિયમોનો ભંગ કરી રહ્યા હોવાની ફરિયાદો પણ ઉઠવા પામી છે. આ મામલે સંબંધિત વિસ્તારના પોલીસ અધિકારી, માલતદાર તેમજ પ્રાન્ત અધિકારી તરફથી સરપ્રાઈઝ તપાસ કરવામાં આવતી હતી. પરંતુ, હવે ઉદાસીનતા દાખવવામાં આવતી હોય તેમ દેખાઈ રહ્યું છે. અસામાજિક તેમજ આંતકવાદીઓની સંભવિત પ્રવૃત્તિઓને અટકાવવા હોટલ તેમજ ગેસ્ટહાઉસોાં સમયાંતરે મોડીરાત્રી સહિત ઓચિંતી તપાસ હાથ ધરાય તે પણ આવશ્યક બન્યું છે.

શિક્ષકોને કોરોના વોરિયર્સ તરીકેની ટ્રેનિંગ આપવાના તાલીમ કાર્યક્રમને શિક્ષણમંત્રીએ ખૂલ્લી મૂકી

રાજકોટ, શિક્ષક એ દરેક ઘરનો સ્તંભ છે. બાળકો વાલીઓનું નહીં પરંતુ શિક્ષકે કહેલી વાત ઝડપથી સ્વીકાર કરે છે. માટે રાજકોટ સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ દ્વારા ગુજરાતમાં પ્રથમ વખત અનોખી પહેલ કરવામાં આવી છે. જેમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અને આઈએમએ સાથે રાખી શિક્ષકોને કોરોના વોરિયર્સ તરીકેની ટ્રેનિંગ આપવા માટે સંકટ નિવારક તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને રાજયના શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા હસ્તે ખુલ્લો મુકવામાં આવ્યો હતો. શિક્ષકોને કોરોના વોરિયર્સ તરીકેની તાલીમ ડોક્ટરો અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના મનોવિજ્ઞાન ભવનના અધિકારીઓ દ્વારા આપવામાં આવશે. રાજકોટ સ્વનિર્ભર શાળા સંચાલક મંડળના ડી.વી.મહેતાએ જણાવ્યું હતું કે, કોરોનાની મહામારી સામે કેટલીક અફવાઓ અને અંધશ્રદ્ધાના શ્રરણે લોકો વેક્સિન લેવાનું ટાળી રહ્યાં છે. આવા સમયે શાળામાં બાળકોને તેમના વાલીઓએ વેક્સિન લીધી કે કેમ અથવા ન લીધી હોય તો શા માટે લેવી જોઈએ તે અંગે માર્ગદર્શન આપવામાં આવશે. એટલું જ નહીં આ સાથે ખાસ શિક્ષકોને કોરોના વોરિયર્સની ટ્રેનિંગ આપવા માટે પણ ગુજરાતમાં પ્રથમ રાજકોટમાં આયોજન કરવામાં આવી રહ્યું છે. જેમાં કોરોનાને લગતા પ્રશ્નો અને અન્ય બાબતો અંગે શિક્ષકોને માર્ગદર્શન આપવામાં આવશે. જેની શરૂઆત આગામી ૩૦ જુલાઈથી ૩૦ ઓગસ્ટ સુધી દર શુક્ર અને શનિવારના રોજ કુલ ૩૦ કલાક અલગ અલગ વિષય પર તાલીમ આપવામાં આવશે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, વિદેશમાં કેટલાય દેશોમાં કોરોના વોરિયર્સના સર્ટિફાઇડ કોર્સ કરાવવામાં આવી રહ્યાં છે. જેમાં સામાજિક, આર્થિક, મનોવૈજ્ઞાનિક, શૈક્ષણિક અને આરોગ્યને લગતા પ્રશ્નો હોય તો તેનો સામનો કેવી રીતે કરવો અને સમાજને તેમાંથી કેવી રીતે બચાવવો તે શીખવવામાં આવી રહ્યું છે.

કૃષ્ણએ કરેલી માખણલીલા અને ગોવર્ધનલીલા એ એક આર્થિક ક્રાંતિ છે

અમદાવાદ, કેડિલા ફાર્માના ઉપક્રમે સ્વ. શીલાબેન મોદીના શ્રેયાર્થે સત્કર્મ પરિવાર દ્વારા પૂ. શ્રી ભુપેન્દ્રભાઈ પંડયાની અમૃતવાણીમાં એક નવતર પ્રયોગ તરીકે આયોજીત વૈશ્વિક સામુહિક શ્રીમદ ભાગવત કથાના છઠ્ઠા દિવસે જણાયું કે. કૃષ્ણએ કરેલી માખણલીલા અને ગોવર્ધનલીલા એ એક આર્થિક ક્રાંતિ છે. ગો વર્ધન= ગાયનું વર્ધન=જમીનનું વર્ધન. એટલેકે તમારા રિસોર્સિસમાંથી પ્રોડક્ટિવિટી વધશે, અને ગાયોની રક્ષા કરો. એટલે જ કૃષ્ણએ પોતાના સખાઓ સાથે ગાયો ચારવાનું કાર્ય પોતાના માથે લીધું હતું.

તેમણે કરેલી રાસલીલા એ અલૌકિક આનંદ આપવો માટે કરેલી કૃપા છે. જીવાત્મા પરમાત્માના દર્શન કરવા જેટલો લાલાયિત હોય છે અને પોતાની સાધના તથા પુરુષાર્થે કારણે ઉત્થાન પામે છે અને સાત્વિક તથા નિર્વિકારી બને છે ત્યારે પરમાત્માને પણ તેને મળવાની તાલાવેલી જાગે છે.

પ્રભુની દયા બધાને મળી શકે પરંતુ તેમનું સાનિધ્ય આવા કોઈક વિરલ ભક્તને મળે છે. જીવનના દરક ક્ષેત્રમાં વિકાસ કરવા માટે ડેડિકેશન અને ડીટરમિનેશનની જરૂર છે પછી એ કર્મક્ષેત્ર એટલે કે બિઝનેસ હોય કે ધર્મક્ષેત્ર.

રાસલીલાનું વર્ણન કરતાં તેમણે જણાવ્યું કે રાસ એ બધાં દ્વંદ્વોથી પર એવી અલૌકિક અનુભતિ છે. આનંદમાં પુણ્ય નષ્ટ થઈ ગયા વિરહમાં પાપ નષ્ટ થઈ ગયા. હવે બચ્યો ફક્ત વિશુદ્ધ પ્રેમ અને અલૌકિક આનંદ. ઈશ્વરે ગોપીનું સ્વાગત કર્યું છે અને તેમને મહાભાગા કહી સંબોધી છે.(૧૯-૧)

લોમોટિફ તેમની નવી ચેલેન્જ #દોસ્તી રિમિક્સ્ડ સાથે ફ્રેન્ડશિપ ડેનો આરંભ કરે છે



અમદાવાદ, કોઈકને એકદમ સાચું જ કહ્યું છે. અસલી મૈત્રી શોધીને મળતી નથી, પરંતુ તે કમાણી કરવાની હોય છે. ફ્રેન્ડશિપ ડે નજીક આવી ગયો છે ત્યારે આપણે બધા જ આપણા ફ્રેન્ડ્સ સાથે આ દિવસને વિશેષ ક્ઈ રીતે બનાવવો અને તેમને શુભેટ આપવી જોઈએ તેનું નિયોજન શરૂ કરીએ છીએ. વારુ, આ વખતે અગ્રણી વિડિયો- શેરિંગ સોશિયલ નેટવર્કિંગ મંચ Lomotif તમારે માટે અને તમારા ફ્રેન્ડ માટે મોટી યોજના લાવતાં તેની નવી #દોસ્તીરિમિક્સ્ડ ચેલેન્જની ઘોષણાકરી છે!

આ શુક્રવારથી આરંભ કરતાં અને ૩૦મી જુલાઈ સુધી ચેલેન્જ દેશભરના ક્રિયેટરોને તેમના #ફ્રેનરીટ્સઓગ પર તેમના બેસ્ટ ફ્રેન્ડ સાથે ડાન્સ કરીને વિડિયો બનાવવાની અને આકર્ષક ઈનામો જીતવાની તક આપે છે. ભાગ લેવામાટે વિધિસર

SACHETA METALD LTD

CIN: L51100GJ1990PLC013784

"Regd. Office :Block No. 33Sacheta Udyog Nagar, Vill: Mahiyal, Tal: Talod, Dist: Sabarkantha,"Gujarat 383215""

EXTRACT OF AUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER ENDED 30TH JUNE, 2021

(Rs. in Crores)

SR. NO.	PARTICULARS	QUARTER ENDED	PRECEEDING QUARTER ENDED	CORRESPONDING QUARTER ENDED
		30.06.2021	31.03.2021	30.06.2020
		Un-Audited	Un-Audited	Un-Audited
1	Total Income from Operations	27.46	23.92	12.82
2	Profit/ (Loss) for the period (before Tax, Exceptional and/ or Extraordinary items)	0.57	0.61	0.52
3	Profit/ (Loss) for the period before Tax (after Exceptional and/ or Extraordinary items)	0.57	0.61	0.52
4	Net Profit/(Loss) for the period after Tax (after Exceptional and/ or Extraordinary items)	0.44	0.48	0.41
5	Total Comprehensive Income for the period [Comprising Profit/ (Loss) for the period (after tax) and Other Comprehensive Income (after tax)]	0.44	0.48	0.41
6	Equity Share Capital	19.13	19.13	18.94
7	Reserves (excluding Revaluation Reserve as shown in the Balance sheet of previous year)	-	-	-
8	Earning Per Share (of Rs. 10/- each) (for continuing and discontinued operations)			
	Basic :	0.23	0.25	0.22
	Diluted :	0.23	0.25	0.22

Note

1 The statement of Un-audited financial results (' The Statement") of Sacheta Metals Limited("the Company") for the quarter ended June 30, 2021 has been reviewed by the Audit Committee and approved by the Board of Directors (" The Board") of the Company at their respective meetings held on 24th July,2021.

2 The Statement has been prepared in accordance with Indian Accounting Standards ('Ind AS') prescribed under section 133 of the Companies Act,2013 and in terms of Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015 (SEBI Regulations).

3 The Company operates in one segment i.e. manufacturing of alluminium products.

4 The limited review as required under Regulation 33 of the SEBI (LODR) Regulations 2015 has been completed by the auditors of the Company.

5 Previous period's figures have been regrouped wherever neccesary to confirm to the current period's classification.

For Sacheta Metals Ltd
Sd/-
Satishkumar K. Shah
Managing Director
DIN: 00237283

Place: Talod
Date: 24.07.2021

VIVANTA INDUSTRIES LIMITED

Regd. Office: 403, Sarthik 2, Opp. Rajpath Club, S. G. Highway, Ahmedabad 380054.
Phone: 079 2687 0953, email: business@vivantaindustries.com,
web.www.vivantaindustries.com
CIN: L74110GJ2013PLC075393

EXTRACT OF UNAUDITED/AUDITED CONSOLIDATED FINACIAL RESULTS FOR THE QUARTER ENDED 30 JUNE, 2021

(Rs. In lacs except per share data)

SR. NO.	Particulars	Quarter Ended		Year ended
		30/06/2021 Unaudited	30/06/2020 Unaudited	31.03.2021 (Audited)
1.	Total Income From Operations	4.50	0.00	54.52
2.	Net Profit for the period (before Tax, Exceptional and/or Extraordinary item)	(11.23)	(9.99)	(16.36)
3.	Net Profit for the period before Tax (after Exceptional and/or Extraordinary item)	33.78	(9.99)	(16.36)
4.	Net Profit for the period after Tax (after Exceptional and/or Extraordinary item)	33.78	(9.99)	(17.51)
5.	Total Comprehensive income for the period [Comprising profit for the period (after tax) and other comprehensive Income (after tax)	33.78	(9.99)	(17.51)
6.	Equity Share Capital	1000	1000	1000
7.	Earnings Per Share (of Rs.10/-each) (for continuing and discontinuing operations)			
	1. Basic	0.34	(0.10)	(0.18)
	2. Diluted	0.34	(0.10)	(0.18)

Notes:

1. The results were reviewed by the Audit Committee and approved by the Board of Directors at their meetings held on July 24, 2021.
2. Information on Standalone Financial Results are as follows:

Particulars	30/06/2021 Unaudited	30/06/2020 Unaudited	31.03.2021 (Audited)
Total Income (continuing operation)	4.50	0.00	54.52
Profit / (Loss) before tax from continuing operation	36.75	(9.99)	3.47
Profit / (Loss) after tax from continuing operation	36.75	(9.99)	2.32
Profit / (Loss) before tax from discontinued operation	00.0	00.0	00.0
Profit / (Loss) after tax from discontinued operation	00.0	00.0	00.0

3. The above is an extract of the detailed format of the Standalone and Consolidated Financial Results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015.The full format of the Standalone and Consolidated Financial Results are available on the websites of the Stock Exchanges (www.bseindia.com) and on the Company's website (www.vivantaindustries.com)

For, Vivanta Industries Limited
SD/-
Parikh H. A.
DIN: 00027820

Place: Ahmedabad
Date: July 24, 2021